પ્રેસ પ્રકાશન
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 22 નવેમ્બર 2016

**ઈલેક્ટ્રોનિક ચૂકવણીઓ ને પ્રોત્સાહન આપવા માટે વિશેષ પગલાં**

જાહેરજનતાની લેવડદેવડ / વ્યવહારિક જરૂરિયાતો ને ડીઝીટલ સાધનો દ્વારા પૂરી પાડવા માટે, રીઝર્વ બેન્કે નાના વેપારીઓ માટે વિશેષ વિતરણ અને Semi – Closed Prepaid Payment Instruments (PPIs) ની મર્યાદામાં વધારા દ્વારા વધારાના પગલાં શરૂ કરેલાં છે.

નાના વેપારીઓ માટે એક વિશેષ વિતરણ સક્ષમ બનાવવામાં આવ્યું છે. જેના દ્વારા PPIs જારી કરનારા, આવા વેપારીઓને PPI ઇસ્યુ કરી શકે છે. જો કે આવા PPI ની શેષ / બેલેન્સ કોઈપણ સમયે રૂપિયા 20,000/- થી વધી શકશે નહીં, પરંતુ વેપારીઓ આવા PPI માંથી તેઓના સંલગ્ન બેંક એકાઉન્ટમાં પ્રત્યેક વ્યવહાર ની કોઈ મર્યાદા વગર, રૂપિયા 50,000/- સુધી પ્રતિમાસ અંતરણ / ટ્રાન્સફર કરી શકશે. વેપારીઓ એ માત્ર તેમના દરજ્જા અને તેમના બેંક ખાતાની વિગતો ને લગતી એક સ્વયં ઘોષણા પૂરી પાડવાની રહેશે. ન્યૂનતમ વિગતો સાથે જારી કરાયેલા સેમી – ક્લોઝડ PPIs ની મર્યાદા વર્તમાન રૂપિયા 10,000/- થી વધારીને રૂપિયા 20,000/- કરવામાં આવી છે. કોઈપણ માસ દરમ્યાન પુન:ભરતી (Reloads) નું કુલ મૂલ્ય પણ રૂપિયા 20,000/- સુધી વધારેલ છે.

અન્ય વર્ગનાં PPIs માટેની વર્તમાન સૂચનાઓ યથાવત રહેશે. અધિકૃત PPI જારી કરનારાઓ દ્વારા રૂપિયા 1,00,000/- સુધીના બેલેન્સ સાથેના પૂર્ણ KYC PPIs ઉપલબ્ધ કરાવવાનું ચાલુ રાખી શકશે.

સમિક્ષાને અધીન, ઉપરના પગલાં તારીખ 21 નવેમ્બર 2016 થી 30 ડીસેમ્બર 2016 સુધી અમલમાં રહેશે.

અગાઉની PPI માર્ગદર્શિકાઓ આવા વેપારીઓ માટે PPIs ખોલવાની એક અલગ વર્ગ તરીકે ખાસ જોગવાઈઓ ધરાવતી ન હતી અને ન્યૂનતમ વિગતો સાથે જારી કરેલા semi – closed PPIs માટે ની મર્યાદા રૂપિયા 10,000/- હતી.

અલ્પના કીલાવાલા
પ્રધાન સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2016 – 2017/1282**